# દેશવિદેશમાં ઉજવાતું ‘ક્રિસમસ’ પર્વ

**સંસ્કૃતિ દર્શન**
**સનત દવે**

વિશ્વમાં 120 દેશોથી વધુ ક્રિશ્ચિયનોની વધુ વસ્તી ધરાવતાં દેશ છે. બે દિવસ પછી ભગવાન ઈશુના જન્મદિવસની ઉજવણીનું પર્વ ક્રિસમસ આવે છે. આ બધા જ દેશ ઉપરાંત જ્યાં જ્યાં પણ ઈસાઈધર્મીઓ સ્થાયી થયા છે તે સર્વત્ર ક્રિસમસની ઉજવણી માટે સજ્જ થઈ ગયા છે. ક્રિસમસનું પર્વ રંગબેરંગી લાઈટો, ધજાપતાકા અને શણગારેલા ક્રિસમસ ટ્રી સાથે એટલું આનંદપૂર્વક ઉજવાતું હોય છે કે નોનક્રિશ્ચિયન પણ તેમાં સામેલ થતા હોય છે. ખાણી-પીણી અને ખરીદી માટે આપણા દેશનાં બજારો પણ લોકોથી ઉભરાતાં હોય છે. શહેરના લાઈટીંગથી ઝળહળતા ચર્ચમાં ભગવાન ઈસુની પ્રાર્થના માટે આવતા લોકોની ભીડ વિશેષ જોવા મળે છે.

જો કે ઈસાઈ કેલેન્ડર અનુસાર ભગવાન ઈસુના આગમનની ઉજવણી તો ક્રિસમસ પહેલાંના ચાર રવિવાર અગાઉથી થતી હોય છે એને એડવેંટ ફેસ્ટીવલ કહે છે. લેટીન શબ્દ એડવેંટનો અર્થ જ ‘આગમન’ થતો હોય છે. ચાર રંગીન મીણબતીના સમૂહને ગોઠવવામાં આવે છે. જેમાં પહેલા બે રવિવારે જાંબલી રંગની મીણબત્તી પ્રગટાવે છે અને પ્રભુને પ્રાર્થના કરે છે. ત્રણ જાંબલી અને એક ગુલાબી એમ ચાર મીણબત્તીના ગોળાકારે સુશોભિત સમૂહને એડવેંટ વ્રેથ કહે છે. ક્રિસમસ પહેલાંના બે રવિવારે જાંબલી, ત્રીજા રવિવારે ગુલાબી અને ચોથા રવિવારે ફરી જાંબલી મીણબત્તી પ્રગટાવી ઈસુના આગમનની પ્રતીક્ષા કરાતી હોય છે. દરેક કલરની મીણબત્તીની વિશેષતા રહી છે અને પૌરાણિક કથાઓ સાથે જોડાયેલી છે.

વિશ્વભરમાં ક્રિસમસની ઉજવણી જે તે દેશની પરંપરા અનુસાર ખૂબ ભવ્ય રીતે થતી હોય છે. એવા કેટલાક દેશોની સંક્ષિપ્તમાં વાત કરીએ તો અમેરિકા એ ખ્રિસ્તીઓની વસ્તી ધરાવતો સૌથી મોટો દેશ છે. અહીં ધાર્મિક માન્યતા મુજબ પરોપકારી સફેદ દાઢીવાળા અને લાલ કપડાં ધારણ કરેલ બુઢ્ઢા દાદા સાંતાક્લોઝ બાળકોને ઉપહાર આપે છે. લોકો પોતાના ઘરને, ઓફિસને કે દુકાનોને ક્રિસમસ ટ્રી, જીંગલ બેલ, ચમકતા તારાઓ, કંડિલ, લાઈટો અને તોરણોથી સુશોભિત કરતા હોય છે. મોજાંઓમાં ટ્રોફી, રમકડાં ભરીને બાળકોને ગિફ્ટ આપતા હોય છે. ચર્ચમાં પ્રાર્થના અને જરૂરતમંદોને દાનપુણ્ય કરતાં હોય છે. તો જર્મનીમાં એડવેંટના ચાર સપ્તાહના ચાર રવિવારની ઉજવણીનું વિશેષ મહત્ત્વ છે. ક્રિસમસ પર એકબીજાને ગિફ્ટ આપવાની અહીં પ્રથા છે. શણગારેલા ક્રિસમસ ટ્રીની ફરતે લોકો એકબીજાના હાથ પકડી ગીત-સંગીતના તાલે નાચ-ગાન કરતાં હોય છે. રીઅલ મીણબત્તી પ્રગટાવી સુશોભનની અહીં પરંપરા રહેલી છે.


**ઓસ્ટ્રેલિયામાં આ સમયે ગરમી હોય છે એટલે લોકો દરિયાકિનારાના પિકનિક સ્પોટ પર કે બીચ પર એન્જોય કરતા હોય છે. અહીં સાંતાકલોઝ હાફપેન્ટમાં પણ જોવા મળે છે**

ઓસ્ટ્રેલિયામાં આ સમયે ગરમી હોય છે એટલે લોકો દરિયાકિનારાના પિકનિક સ્પોટ પર કે બીચ પર ક્રિસમસ એન્જોય કરતા હોય છે. અહીં સાંતાકલોઝ હાફપેન્ટમાં પણ જોવા મળે છે. લોકો તાજું સલાડ કે ફળોને આરોગવા વધુ પસંદ કરતા હોય છે. તો મેક્સિકોમાં મેરી-જોસેફની નાટ્યશ્રેણીઓ રજૂ કરાતી હોય છે. સંગીત-નૃત્ય સાથે આનંદ કરતા લોકો અહીં રાત્રે મશાલ સરઘસ કાઢતા હોય છે. બાળકો પણ માટીનાં રમકડાંઓથી ઈસુના જન્મસ્થળની પ્રતિકૃતિ બનાવતા હોય છે. ફિલીપાઈન્સમાં ક્રિસમસ સૌથી અધિક સમય સુધી ઉજવાતો ઉત્સવ છે. સપ્ટેમ્બરથી ડિસેમ્બર એમ સાડાત્રણથી ચાર મહિના ઘર સુશોભિત રાખે છે. સ્ટાર આકારના કંડીલ અહીં પ્રત્યેક ઘર પાસે લટકતા જોવા મળે. સૂપ, નોન-વેજ અને મીઠાઈઓ પારંપરિક ખોરાક છે. વહેલી સવારે 4 વાગે લોકો પ્રભુ ઈશુની પ્રાર્થના કરતાં હોય છે અને દિવસ દરમ્યાન પરિવાર-મિત્રોને મળી સાથે એન્જોય કરવાનું વધુ પસંદ કરતાં હોય છે. અહીંના શહેરોમાં ક્રિસમસની આ સૌથી લાંબી ઉજવણી દરમ્યાન આનંદ-મેળા જેવું વાતાવરણ હોય છે.

ડેન્માર્કમાં ઓસ્ટ્રેલિયાની જેમ ક્રિસમસ ટ્રીની ચારે બાજુ નાચવા-ગાવાનું વધુ પસંદ કરે છે. વૃક્ષો પર સાત મીણબત્તીઓ પણ પ્રગટાવી ઘર આંગણાને સજાવે છે. સૂકાં ફળોની કેક ત્યાંના લોકો વધુ પસંદ કરે છે તો ઈટલીમાં પણ ક્રિસમસની ખૂબ આનંદથી ઉજવણી કરે છે. દસ દિવસની રજાઓમાં લોકો પરિવાર સાથે ઉજવણી કરતાં હોય છે. સાત પ્રકારની માછલીની વાનગી અહીં વધુ પસંદ કરે છે.

ભારતમાં પણ ઈસાઈઓની વસતી 2.3% ટકા જ છે પણ ક્રિસમસની ઉજવણી મોટાં શહેરોમાં વિશેષરૂપે જોવા મળે છે. ગોવા, કેરલ, નાગાલેન્ડ, મેઘાલય, દિલ્હી, મુંબઈ અને બેંગલાર જેવાં ક્ષેત્રોમાં અધિક ખ્રિસ્તીઓની વસ્તી હોવાથી અહીં ખૂબ ધામધૂમથી ક્રિસમસના પર્વને મનાવાય છે.





# ઈસુની જન્મજયંતી

**પર્વ વિશેષ**
**- મરીના ફર્નાન્ડીઝ**

25 મી ડિસેમ્બર સમગ્ર ખ્રિસ્તી સમાજ ઈસુની જન્મજયંતી ઉજવે છે. ઈસુના જન્મના પર્વને સમગ્ર વિશ્વ ‘નાતાલ’ કે Chirstmas (ક્રિસમસ) તરીકે ઓળખે છે.

2025 વર્ષ પહેલાં ઈસુનો જન્મ બેથલેહેમમાં થયો હતો. તેનું સૌ સ્મરણ કરે છે.

ઈસુ ખ્રિસ્ત માનવજાતને પાપમાંથી મુક્તિ અપાવવા આ પૃથ્વી પર આવ્યા, જગતનાં સઘળાં પાપ તેમણે પોતાને માથે લીધાં.

બાઈબલમાં યોહાનકૃત શુભસંદેશમાં જણાવ્યા મુજબ “ ઈશ્વરે પોતાના પુત્રને જગતમાં મોકલ્યો છે. તે જગતને સજાપાત્ર ઠરાવવા માટે નહી પણ તેની મારફતે જગતનો ઉદ્ધાર કરવા.” (યોહાન 3:16-17)

ઈશ્વરને આપણા ઉપરના પ્રેમને લીધે આપણા પાપોનું નિવારણ કરવા માટે પોતાના પુત્રને મોકલી આપ્યો (1 યોહાનનાપત્ર 4:10)

નાતાલ એટલે પ્રકાશનું પર્વ અહીં પ્રકાશ એટલે પાપના અંધકારમાંથી મુક્તિ.

પ્રભુ ઈસુના 2025મી જન્મ જ્યંતી પચ્ચીસ વર્ષે આવતી હોવાથી જ્યુબિલી વર્ષ ગણાય છે. સ્વ.વડા ધર્મગુરુ પાઉલ બીજાએ દર પચ્ચીસ વરસે ‘જ્યુબિલી વર્ષ’ ઉજવવાનો અનુરોધ કર્યો હતો. સ્વ. વડાધર્મ ગુરુ ફ્રાન્સિસ દ્વારા 2024-2025ને પ્રભુ ઈસુના જન્મ જયંતી-2025ને ‘જ્યુબિલી વર્ષ’ તરીકે જાહેર કરવામાં આવ્યું હતું. વેટિકન ખાતે આવેલ સંત પીતર મહાદેવાલયમાં પ્રવેશ કરવાનો એક દરવાજો છે જે માત્ર ને માત્ર જ્યુબિલી વર્ષ દરમ્યાન ખોલવામાં આવતો હોય છે. તેને સ્વ. વડાધર્મગુરુ ફ્રાન્સિસે 24 ડિસેમ્બર 2024ના રોજ ખુલ્લો કરી જ્યુબિલી વર્ષનો શુભારંભ કર્યો હતો. વિશ્વભરના દરેક ધર્માધ્યક્ષોએ પોતપોતાના મુખ્ય દેવાલયમાં તથા ધર્મપ્રાંતમાં જ્યુબિલી વર્ષનો આરંભ કર્યો હતો. સ્વ. વડાધર્મ ગુરુ પોપ ફ્રાન્સિસે આ જ્યુબિલી વર્ષને ‘આશાના વર્ષ’ તરીકે જાહેર કર્યું હતું.

પરમેશ્વર દ્વારા માનવને અપાયેલી એક આશા એટલે પ્રભુ ઈસુનો જન્મ. તેમણે જ્યુબિલી વર્ષ માટે ‘આશાના યાત્રીઓ’ એવુ સૂત્ર પસંદ કર્યું હતું અને તેમણે ભારપૂર્વક કહ્યું હતું કે આપણે આશાનાં કિરણો પ્રગટાવવા જોઈએ. દુનિયાભરમાં આશા અને વિશ્વાસના વાતાવરણને પુનઃ સ્થાપિત કરવાના જ્યુબિલી-2025ની ઉજવણી મહત્ત્વનો ફાળો આપી શકે છે.

આખા વર્ષ દરમ્યાન કેથોલિક ધર્મસભા જ્યુબિલી વર્ષ માટે વિવિધ કાર્યક્રમો રાખવામાં આવ્યા હતા.

હવે, જ્યુબિલી વર્ષની પૂર્ણાહૂતિ તરફ જઈ રહ્યા છીએ. 6ઠ્ઠી જાન્યુઆરી 2026ના રોજ જ્યુબિલી વર્ષનું સમાપન વડા ધર્મગુરુશ્રી કરશે અને સંત પીતર મહાદેવાલયનો પ્રવેશ દ્વાર જે ખુલ્લો મુક્યો હતો. તેને બંધ કરવામાં આવશે.

કેથોલિક ધર્મપંચાગ પ્રમાણે નાતાલ પહેલાંના ચાર રવિવાર આગમન ઋતુના રવિવાર તરીકે ઓળખવામાં આવે છે. નાતાલ પહેલાં આગમન ઋતુ શરૂ થાય છે. પ્રભુ ઈસુના આગમનની રાહ જોવાય છે. પ્રભુ ઈસુને પોતાના હૃદયમાં સ્વીકારવા માટે તૈયારી કરવામાં આવતી હોય છે. અનેક ધાર્મિક કાર્યક્રમો થતા હોય છે. પ્રાર્થના પ્રાયશ્ચિત સંસ્કાર, સંત્સંગ જેવા આધ્યાત્મિક કાર્યક્રમો દ્વારા ઈસુની જન્મજયંતીની પૂર્વ તૈયારીઓ થતી હોય છે.

**કેથોલિક ધર્મપંચાગ પ્રમાણે નાતાલ પહેલાંના ચાર રવિવાર આગમન ઋતુના રવિવાર તરીકે ઓળખવામાં આવે છે. નાતાલ પહેલાં આગમન ઋતુ શરૂ થાય છે. પ્રભુ ઈસુના આગમનની રાહ જોવાય છે**

આગમન ઋતુના ચાર રવિવાર માટે ચાર મીણબત્તી શણગારવામાં આવે છે. ત્રણ જાંબલી રંગની અને એક ગુલાબી રંગની હોય છે. દરેક મીણબત્તી અલગ પ્રતિનિધિત્વ કરે છે. કેથોલિક ધર્મસભાની ઉપાસના વિધિમાં રવિવારે એક મીણબત્તી સળગાવવામાં આવે છે. આ મીણબત્તી આશા, શાંતિ, આનંદ, પ્રેમનું પ્રતિનિધિત્વ કરે છે.

આગમન ઋતુમાં ચર્ચ તરફથી ગાયક વૃંદો સૌ ખ્રિસ્તી બંધુના ઘરે જઈ નાતાલનાં ગીતો દ્વારા ઈસુના આગમનની વધામણી આપે છે અને નાતાલની શુભેચ્છા આપે છે. નાતાલના ગીતોને carols (કેરોલ્સ) કહે છે.

ઈશ્વરના મહિમાને પ્રગટ કરવા અને તેમની યોજનાને સાકાર કરવા માટે ઈશ્વર પુત્રનું દુન્યવી દેહ ધારણ કરવું અતિ આવશ્યક હતું.

યશાયા પ્રબોધક મારફત ઉચ્ચાયેલ એ પરમેશ્વરની ભવિષ્ય વાણી, એક જુવાન સ્ત્રીને ગર્ભ રહ્યો છે અને તે એક પુત્રને જન્મ આપશે. અને તેનું નામ ઈમાનુએલ એટલે “આપણી સાથે ઈશ્વર છે.” એવું પાડશે. (યશાયા 7:14) બાઈબલના જૂના કરારમાં યશાયા ગ્રંથમાં તેનો ઉલ્લેખ કરવામાં આવ્યું છે. આ ભવિષ્ય વાણી સાચી પડી. ઈસુએ માવનદેહ ધારણ કર્યો તેણે પાપમાંથી મુક્તિ આપવા જગતમાં જન્મ લીધો.

ઈસુના જન્મનો ઈતિહાસ સૌ જાણે છે. બાઈબલમાં નવા કરારમાં માથ્થીકૃત શુભસંદેશ અને લૂકકૃત શુભસંદેશમાં ઈસુના જન્મ અંગેની માહિતી આપવામાં આવી છે.

(માથ્થી: 1:18-24) (લૂક, 1:26, 35, 2:1-30, ટૂંકમાં ઈસુના જન્મ વિશે જાણીએ.

દેવદૂત ગ્રાબિયેલને ઈશ્વરે ગાલીલ પ્રાંતના નાસરેથ ગામમાં એક કન્યા પાસે મોકલ્યાં તે કન્યાનું નામ મરિયમ હતું. તેમના વિવાહ દાવિદના વંશજ યોસેફ નામના ધર્મિષ્ઠ માણસ સાથે થયા હતા. દેવદૂતે પ્રણામ કરી કહ્યું તારી ઉપર પ્રભુની કૃપા ઉતરી છે. પ્રભુ તારી સાથે છે. ઈશ્વર તારા ઉપર પ્રસન્ન થયા છે. પવિત્ર આત્માના પ્રભાવથી તને ગર્ભ રહેલ છે, એક પુત્ર અવતરશે. તેનું નામ ઈસુ રાખજે એ મહાન હશે. અને એ પરાત્પરનો પુત્ર કહેવાશે. મરિયમે કહ્યું, “હું તો ઈશ્વરની દાસી છું. તારી વાણી મારે વિશે સાચી પડો. પછી દેવદૂત તેમની પાસેથી ચાલ્યો ગયો.

દેવદૂતે યોસેફને સ્વપ્નમાં દર્શન દઈને કહ્યું, હે દાવિદપુત્ર યોસેફ તારી પત્ની મરિયમને ઘેર તેડી લાવતા ડરીશ નહિ, તેને પવિત્ર આત્માના પ્રભાવથી ગર્ભ રહ્યો છે તેને પુત્ર અવતરશે. તું તેનું નામ ઈસુ પાડજે કારણ તે પોતાની પ્રજાને પાપમાંથી મુક્તિ આપનાર છે. યોસેફે દેવદૂતના કહ્યા પ્રમાણે કર્યું. તેઓ પોતાની પત્નીને ઘરે તેડી લાવ્યા.

એ સમયે એવું બન્યું કે બાદશાહ ઓગસ્તએ આખા રોમન સામ્રાજ્યની વસ્તી ગણતરી કરવાનું ફરમાન કાઢયું. એટલે સૌ પોતપોતાના વતનમાં નામ નોંધાવવા ચાલ્યા ગયા. યોસેફે પણ દાવિદના વંશના અને કુળના હોવાથી ‘ગાલીલના ગામ નાસરેથ થી યહુદિયામાં આવેલા દાવિદના નગર બેથલેહેમ નોંધાવવા ચાલ્યા ગયા. તેમની સાથે મરિયમ હતા એ દરમ્યાન જ તેમની પ્રસૂતિનો સમય આવી પહોચ્યો તેઓ ઉતારાની શોધમાં હતા પણ બધેથી એમને જાકારો મળ્યો હતો. ઉતારા માટે કોઈ જગ્યા ન મળી પણ છેવટે તેમને ઉતારા માટે ગમાણની વ્યવસ્થા થઈ મરિયમે ગમાણમાં પુત્રને જન્મ આપ્યો.

“જગતના પાપોની મુક્તિ ખાતર ઈશ્વરે સ્વર્ગનું સુખ છોડી ગમાણને પોતાનું જન્મ સ્થાન સ્વીકાર્યું.

ઈસુના જન્મનો પહેલો સંદેશ દેવદૂતે ભરવાડોને આપ્યો. દેવદૂતે ભરવાડોને દર્શન દઈ કહ્યું, બીશો નહિ સાંભળો, આજે દાવિદના નગરમાં તમારો મુક્તિ દાતા અવતર્યો છે એ જ ખ્રિસ્ત અને પ્રભુ છે. એની એંધાણી એ છે કે તમે એક બાળકને કપડામાં લપેટીને ગમાણમાં સુવાડેલો જોશો તે તમારો તારણહાર છે. તેઓ તાબડતોબ નીકળી પડ્યા અને તેમણે મરિયમને યોસેફને અને ગમાણમાં સુવાડેલા બાળકને શોધી કાઢયા તેઓ દર્શન કરી ઈશ્વરનો મહિમા અને સ્તુતિ કરતા પાછા વળ્યા.

જગતના ઉદ્ધાર માટે પરમેશ્વર પુત્ર પ્રભુ ઈસુ માનવદેહ ધારણ કરી બેથલેહેમમાં જન્મ લે છે. તે સમયે એક મહત્ત્વની ઘટના આકાર લે છે. બેથલેહેમથી પૂર્વદિશામાંથી ઘણે દૂર કેટલાક પંડિતોને આકાશમાં એક અત્યંત પ્રકાશમાન તારો દેખાય છે. આ તારાની એંધાણી એ પંડિતો બાળઈસુના દર્શન કરવા આવે છે. ઈસુના દર્શન કરી સાથે લાવેલા સોનું, ધૂપ, બોળ, ઈસુના ચરણે ભેટ ધરે છે. (માથ્થી, 2:1-12)

આ પ્રસંગથી તારાનું મહત્ત્વ વધે છે.

નાતાલના દિવસોમાં દરેક ખ્રિસ્તી ઘરે તારો લગાવેલો જોવા મળે છે. ઈસુના જન્મના પ્રતીકરૂપે ઘરમાં ગમાણ બનાવે છે.

નાના બાળકોને ભેટ આપી ઈસુના જન્મની શુભેચ્છા આપવામાં આવે છે. બાળકોને શાંતાક્લોઝ વધારે હમતા હોય છે.

પ્રભુ ઈસુ ઈશ્વર પુત્ર હોવા છતાં ગમાણમાં જન્મ લીધો તેમને ગરીબાઈ સ્વીકારી લીધી. આપણે પણ ભેદભાવ ભૂલી નમ્રતાથી એકબીજાને પ્રેમથી સ્વીકારી માન આપી શાંતિ સ્થાપીએ એ જ શાંતિદાતા પ્રભુ ઈસુને તેમના જન્મ જ્યંતીની ભેટ ધરીએ, સૌને નાતાલની સોનેરી સલામ Mery Chirstmast.

- ખ્રિસ્તી નવું વર્ષઃ-

વ્યવહારના વર્ષની માનવની કાર્યવાહી માટે કેલેન્ડર વર્ષ 1લી જાન્યુઆરીથી નવું વર્ષ શરૂ થાય છે.

કેથોલિક ધર્મપંચાગ પ્રમાણે ઉપાસના ચક્ર માટે ખ્રિસ્તી વર્ષ આગમન ઋતુના પહેલા રવિવારથી શરૂ થાય છે.

31મી ડિસેમ્બર રાત્રે બાર વાગ્યે આખું વિશ્વ નવા વર્ષની ઉજવણી. ધામધૂમથી કરે છે. ફટાકડાના ધ્વનિથી નવા વર્ષનું સ્વાગત કરે છે. મહેફિલોની રમઝટ માણતા હોય છે. ખ્રિસ્તીબંધુ પર કટાક્ષ પણ થતો હોય છે. પરંતુ મોટા ભાગનો ખ્રિસ્તી સમાજ 31મી ડિસેમ્બરની રાત્રે બહારના શોરબકોરથી અલિપ્ત પ્રાર્થનામાં સામેલ હોય છે.

કેથોલિક ધર્મસભાના ભાઈ-બહેનો 31મી ડિસેમ્બરની રાત્રે પવિત્ર પ્રીત સંસ્કાર સમક્ષ આરાધના વિધિમાં ઉપસ્થિત હોય છે. જૂના વર્ષમાં પ્રભુએ કરેલા ઉપકારો માટે પ્રભુનો આભાર માને છે અને થયેલી ભૂલો માટે માફીની યાચના કરે છે. ચર્ચમાં થતા વિવિધ કાર્યક્રમો પ્રભુ સમક્ષ અર્પણ કરી પ્રાર્થના કરે છે. અને આવનાર નવુ વર્ષ સો રીતે સારુ ફળદાયી આરોગ્યદાયી નીવડશે એ આશા સાથે પ્રભુને પ્રાર્થના કરી નવા વર્ષ માટે આશીર્વાદ મેળવે છે.

કેથોલિક ધર્મસભા 1લી જાન્યુઆરીના રોજ ઈશજનેતા મા મરિયમનું પર્વ અને વિશ્વશાંતિ દિવસની ઉજવણી કરે છે. આ દિવસે વડાધર્મગુરુ કેથોલિક સામાજિક શિક્ષણ અન્વયે વિશ્વમાં શાંતિ સ્થાપના માટે અધિકૃત સંદેશ જાહેર કરે છે.

ઈશ્વરની યોજનાને માતા મરિયમ નમ્રતાથી સ્વીકારી તેમની યોજનામાં સદભાગી થયા. જગતના ઉદ્ધાર માટે પરમેશ્વરે માતા મરિયમને પસંદ કર્યા જેમના ખોળે ઈશ્વરપુત્ર માનવી બનીને જન્મ્યા એટલે સૌ પ્રથમ આપણા પ્રભુ ઈસુના જનેતા મહિમાવંત અખંડકુમારી મરિયમનું પૂજ્ય ભાવે આ દિવસે સ્મરણ કરીએ છીએ. સાથે સાથે બાળકના જન્મ પછીના આઠમે દિવસે દેવદૂતના જણાવ્યા મુજબ બાળકનું નામ ‘ઈસુ’ પાડવામાં આવ્યુ. એનું પણ સ્મરણ કરીએ છીએ.

અંતે પ્રભુ ઈસુ આપ સૌના જીવનમાં પ્રકાશ પાથરે આવનાર નવું વર્ષ તમારા સૌના જીવનમાં નવી આશા અને ઉમંગ લઈને આવે એવી પ્રાર્થના.



